
# ૐકાર સંપ્રદાય

ધાર્મિક – આધ્યાત્મિક પથ

RNI No.: GUJGUJ/2015/65690
વર્ષ: ૧૧ | અંક: ૩ | સપ્ટેમ્બર - ૨૦૨૫
કિંમત: ૧૦/-





પ.પૂ.સંતશ્રી સદ્ગુરુ ૐઋષિ સ્વામીની પાવન નિશ્રામાં

# કાળીચૌદશની રક્ષા મહાસાધના અને ૐ શ્રી આકસ્મિક ધનલાભ મહાસાધના

કાળીચૌદશનો દિવસ એટલે આધ્યાત્મિક ચેતના પ્રગટાવવાનો દિવસ તેમજ સ્વયંનું અને પરિવારજનોની રક્ષા આખા વર્ષ દરમ્યાન થાય એની સાધના કરવાનો દિવસ.
આપ ભક્તજનોએ કાળીચૌદશની સાધનામાં જોડાવા માટે નીચેના **મોબાઈલ નંબર: 9429208997** ઉપર સત્વરે લખાવી દેવું.

**શુભ તારીખ**

૧૯ - ૧૦ - ૨૦૨૫
રવિવાર

**શુભ સમય**

સાંજે ૪ થી ૬ કલાકે

**શુભ સ્થળ**

## અન્નપૂર્ણા હોલ,

આંગી ફ્લેટની સામે, ન્યુ વિકાસ ગૃહ રોડ, પાલડી, અમદાવાદ

**ખાસ નોંધ:**

1. કાળીચૌદશની સાધનામાં પુરુષોએ સફેદ ઝભ્ભો લેંઘો અને બહેનોએ લીલા વસ્ત્રો ધારણ કરવા.
2. મહાપ્રસાદની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

**સંપર્ક સૂત્ર: ૯૪૨૯૨૦૮૯૯૭**



|| ૐ નમઃ ||

ॐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

**ૐકાર સંપ્રદાય**

માસિક મેગેઝીન (પત્રિકા)

**સ્થાપક**

ૐકાર સંપ્રદાયના આર્ષદ્રષ્ટા અને સ્થાપક
મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ.પૂ. સંતશ્રી સદ્ગુરુ ૐઋષિ સ્વામી

**તંત્રી** — કિંજલભાઈ શાહ

**સહતંત્રી** — મિહિરભાઈ શાહ

**સંપર્કસૂત્ર**

ૐકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમ
સેવા સમર્પણ ફાઉન્ડેશન
Trust Reg. No.: E/18590/Ahmedabad
Under 80-G Tax Free (5313/09-10)

ૐકાર ફાઉન્ડેશન ટ્રસ્ટ
Trust Reg. No.: E/20646/Ahmedabad

**સદ્ગુરુ ૐઋષિ સ્વામી ચેરીટેબલ ટ્રસ્ટ**
(Trust Reg. No. E/23428/Ahmedabad
CSR No: CSR00045126 | 80G: ABDTS5377GF20221)

૦૦૧, ગ્રાઉન્ડ ફ્લોર , આંગી એપાર્ટમેન્ટ,
અન્નપૂર્ણા પાર્ટી પ્લોટ ની સામે,
નવા વિકાસ ગૃહ રોડ, પાલડી,
અમદાવાદ - ૩૮૦૦૦૭.

E-mail ID : omkarsampraday@gmail.com
E-mail ID :info@sadguruomrushi.org
Website : www.sadguruomrushi.org

મોબાઈલ નંબર - ૮૭૫૮૯૯૯૨૯૭,
૯૪૨૯૨૦૮૯૯૭, ૯૩૭૬૩૩૪૨૮૯

**મુદ્રક**

પ્રિન્ટ વિઝન પ્રા. લી.
આંબાવાડી બજાર, અમદાવાદ - ૬
ફોન નં - (૦૭૯) ૨૬૪૦૫૨૦૦

સપ્ટેમ્બર-૨૦૨૫ | પાના નં: ૨૪
વર્ષ: ૧૧ | અંક: ૩
કિંમતરૂ.: ૧૦/-

# તંત્રી સ્થાનેથી...



પ્રિય ભક્તજનો,

મનુષ્યને સાચો આનંદ માત્ર બહારની ચીજોમાં નહીં પરંતુ આંતરિક શાંતિથી મળે છે. બહારનું જગત ક્ષણભંગુર છે, આંતરિક આત્મસુખ શાશ્વત છે. પરમ પૂજ્ય ગુરુજી રચિત મંત્ર, મંત્રશક્તિપાત, ચાલીસા, બાવની જેવી દિવ્ય કૃતિઓ જ જીવનને અર્થપૂર્ણ બનાવી શકે એમ છે.

મંત્ર માત્ર શબ્દ નથી, તે દૈવી શક્તિનું સ્ત્રોત છે. ગુરુજી રચિત દરેક દિવ્ય કૃતિઓમાં આત્માને શાંતિ અને જીવનને સાચી દિશામાં લઈ જવાની ક્ષમતા રહેલી છે, જેનું પ્રમાણ દર વખતે ૐકાર સંપ્રદાયના આ મેગેઝિનમાં ભક્તો અનુભવ લખીને આપે છે.

મોટાભાગના ભક્તોની વિનંતી સાંભળીને ગુરુજીએ શરીરના કોઈપણ ભાગના દુઃખાવામાંથી મુક્તિ મળે એ માટે મંત્રથેરાપી કેમ્પ નિઃશુલ્ક યોજવાનું શરૂ કર્યું છે. આ કેમ્પ ગુરુજી વિવિધ સ્થળો પર યોજશે જેના માધ્યમથી દુઃખાવાથી પીડિત લોકોને લાભ મળી શકે.

આ સાથે અહીંયા હું ગુરૂજી રચિત એક ગઝલ રચના પ્રસ્તુત કરી રહ્યો છું.

## 'ૐ'નું ઝરણું

જ્યારે પ્રથમ રવિનું કિરણ પડ્યું છે, રોમેરોમ ધરતીનું ખીલી ઊઠ્યું છે.
અંતરમાં છવાયો છે આનંદ જાણે, જ્યારે 'ૐ'નું ઝરણું ભીતરમાં વહ્યું છે.
જાણી લીધી છે આ દુનિયા આખી મેં, ઓળખવાનું 'સ્વ'ને બસ બાકી રહ્યું છે.
ના કર તું હેરાન મને આ જિંદગાની, આ જીવે દર્દ, દુઃખ અઢળક સહ્યું છે.
રાખજે તું તારી પાસ મને હંમેશા, પ્રાર્થનામાં પ્રભુને બસ આ કહ્યું છે.

ૐકાર સંપ્રદાયની છત્રછાયા તેમજ પરમ પૂજ્ય ગુરુજીના આશીર્વાદ અને તેમના આપેલા મંત્રોના સ્મરણથી આપનું જીવન સરળ અને ઉત્તમ રહે એવી ગુરુજીની ચરણોમાં પ્રાર્થના સાથે અહીં મારા વક્તવ્યને વિરામ આપુ છું.

તંત્રી,
કિંજલભાઈ શાહ

॥ ૐ નમઃ ॥



# આસો નવરાત્રિના પાવન અવસરે માતા નવદુર્ગાની
## સંભુક-ત્રતાઊર્જા તેમજ તેમના આશીર્વાદની પ્રાપ્તિ માટે ચમત્કારિક મંત્રસાધના

નવરાત્રિના પાવન અવસરે દરેક ભક્તજન માતાની કૃપા અને આશીર્વાદની પ્રાપ્તિ કરવા માટે આતુર હોય છે. આજે આપને ખૂબ જ રહસ્યમય અને આપને આનંદિત કરી શકે એવા ''સંભુક-ત્રતા ઊર્જા''ની વાત કહેવા માંગુ છું.

મનુષ્યનું અવતરણ પ્રથમ વખત જ્યારે આ પૃથ્વી ઉપર કરવામાં આવ્યું ત્યારે મનુષ્યની ઓરામાં દેવી પાર્વતીના તપ-સાધનાથી સર્જિત થયેલી ''સંભુક-ત્રતા ઊર્જા'' પણ ૧% જેટલી મુકવામાં આવી. ''સંભુક-ત્રતા ઊર્જા'' મુકવા પાછળનું રહસ્ય એ હતું કે મનુષ્ય એ ઊર્જાનો ઉપયોગ કરીને દૈવી શક્તિ સાથે પોતાનું જોડાણ કરી શકે અને ધરતી ઉપર પડતા કષ્ટનું સમાધાન દૈવી શક્તિના માધ્યમથી પ્રાપ્ત કરી શકે, પરંતુ લાખો વર્ષનો સમય પસાર થતાં ઋષિમુનિઓએ ''સંભુક-ત્રતા ઊર્જા'' વિશે જે જનમાનસને શાસ્ત્રને માધ્યમથી સમજૂતી આપી હતી એ વાત લુપ્ત થઈ ગઈ અને ''સંભુક-ત્રતા ઊર્જા''નો ઉપયોગ કરવાનું માણસ જે સતયુગમાં ખૂબ જ કરતો હતો એ કળિયુગ આવતા-આવતા સાવ ભૂલી ગયો.

આજે આપને આ વાત હું કેમ કહી રહ્યો છું એ સવાલ આપના મનમાં ચોક્કસ થતો હશે. હું આજે આપને આ વાત એટલા માટે કહી રહ્યો છું કે ''સંભુક-ત્રતા ઊર્જા''નો ઉપયોગ કરી આપ પણ દૈવી શક્તિ સાથે પોતાનું જોડાણ કરી શકો અને નવરાત્રિના પાવન અવસરે આપ શક્તિશાળી બનવાની દિશામાં આગળ વધી શકો.

દેવી પાર્વતીની તપ-સાધનાથી સર્જિત આ ઊર્જાનો ઉપયોગ કઈ રીતે કરવો તે આપ શીખવા, જાણવા અને સમજવા સાચા અર્થમાં માંગતા હોય તો ૐ શ્રી દસ મહાવિદ્યા સાધના આપ મારી પાસેથી શીખી શકો છો. સંભુક-ત્રતા ઊર્જા એ આપને માતાની દિવ્ય ચેતના સાથે ૐ શ્રી દસ મહાવિદ્યાના માધ્યમથી જોડાણ કરાવી શકશે.

નવરાત્રિના પાવન અવસરે આપ ઘરેબેઠાં માતા નવદુર્ગાની સાધના કરી શકો તે માટે દર વર્ષની જેમ આ વર્ષે પણ આપને માતા નવદુર્ગાની મંત્રસાધના આપી રહ્યો છું.

# માતા નવદુર્ગાની સંભુક-ત્રતા ઊર્જા અને આશીર્વાદ પ્રાપ્ત કરવા માટે દિવ્ય મંત્રસાધનાની માહિતી

સૌપ્રથમ એક લાકડાનો બાજઠ અથવા પાટલો લેવો. તેના પર લાલ કલરનું વસ્ત્ર પાથરવું. તેના ઉપર નીચે આપેલ ૐ શ્રી નવદુર્ગા શક્તિ-વિજય ચક્રનું કટીંગ કરી લેમીનેશન કરાવી સ્થાપનમાં મુકવું. હવે સ્થાપનમાં વસ્ત્ર ઉપર ૨ (બે) આખી સોપારી, એક મુઠ્ઠી મગની ઢગલી અને કંકુની એક ઢગલી કરવી. ત્યારબાદ નીચે આપેલા દિવ્ય મંત્રની રોજ ૨ (બે) માળા કરવી અને એકવાર ૐઋષિ રચિત શ્રી નવદુર્ગા ચાલીસાનો પાઠ કરવો.

| | | |
|---|---|---|
| સાધના કેટલા દિવસ કરવી? | : | આ સાધના ૯ દિવસ એટલેકે આસો નવરાત્રિના પ્રથમ દિવસથી ચાલુ કરીને નોમ સુધી કરવી. |
| સ્થાપનનો સમય | : | સવારે ૭ થી ૧૧ માં સ્થાપન કરવું. |
| કયા કલરના વસ્ત્ર પહેરવા? | : | કોઈપણ કલરના વસ્ત્ર પહેરીને સાધના કરી શકાય. |
| ઉત્થાપન ક્યારે કરવું? | : | ઉત્થાપન દશેરાના દિવસે કરવું. સ્થાપનમાં મુકેલ દરેક વસ્તુનું ચક્ર સાથે નદીમાં વિસર્જન કરી દેવું. |

## દિવ્ય મંત્ર

**॥ ૐ શ્રી નવદુર્ગા વિજયભવતુ શક્તિતા નમઃ ॥**

## ૐ શ્રી નવદુર્ગા શક્તિ-વિજય ચક્ર

| | | |
|---|---|---|
| ॥ ૐ श्री शैलपुत्रीदेवीः ॥<br>॥ ६६ ॥ | ॥ ૐ श्री ब्रह्मचारिणीदेवीः॥<br>॥ ५५॥ | ॥ ૐ श्री चंद्रघंटादेवीः ॥<br>॥ ४४ ॥ |
| ॥ ૐ श्री कुष्माण्डादेवीः ॥<br>॥ ८८ ॥ | ॥ ૐ श्री स्कंदमातादेवीः ॥<br>॥ ३३ ॥ | ॥ ૐ श्री कात्यायनीदेवीः ॥<br>॥ २२ ॥ |
| ॥ ૐ श्री कालरात्रिदेवीः ॥<br>॥ २२२ ॥ | ॥ ૐ श्री महागौरीदेवीः ॥<br>॥ १११ ॥ | ॥ ૐ श्री सिद्धिदात्रीदेवीः ॥<br>॥ ९९ ॥ |



# વિજયાદશમીના પાવન અવસરથી કરવા માટે દિવ્ય મંત્રસાધના

**દિવ્યમંત્ર : ॥ ૐ રામેશ્વરમ વિજયમ વિજયમ નમઃ ॥**

આપના જીવનમાં આપનો વિજય થાય એ માટે ઉપર આપેલ મંત્રસાધના વિજયાદશમીથી શરૂ કરીને ૧૫ દિવસ સુધી કરવી. ઉપર આપેલ મંત્રની રોજ એક માળા કરવી. આ મંત્રસાધના આપ કોઈપણ સમયે કરી શકો છો.



# વિક્રમ સંવત ૨૦૮૨માં રાશિ મુજબનું ભવિષ્ય ફળકથન અને દરેક રાશિ માટેના કષ્ટનિવારક ચમત્કારિક મંત્રો

## મેષ (અ.લ.ઇ.)

મેષ રાશિના જાતકો માટે આવનારું આ વર્ષ માન-સન્માન અને કીર્તિ લઈને આવશે. નિયમિત આવક જળવાઈ રહેશે. નૂતન વર્ષ દામ્પત્યજીવન માટે અનુકૂળ રહેશે. સંબંધોમાં કડવાશ થાય તેવી ઘટના બને તો સમાધાન કરી લેવું. આરોગ્ય એકંદરે સારું રહેશે.

વેપારીવર્ગ માટે નૂતન વર્ષ પ્રગતિકારક સાબિત થશે. ધંધામાં સારો લાભ જણાશે. ઉધારી કે જોખમથી દૂર રહેવું. નોકરિયાતો માટે ફેબ્રુઆરીથી મે સુધીનો સમય ફાયદાકારક નીવડશે. પગારમાં વધારો થાય. લોન અને લેવડદેવડ માટે પ્રયત્નોથી જરૂરિયાત પૂરી થઈ શકશે. વારસાઈ મિલકત બાબતમાં સમાધાન કરવાથી સુખદ પરિણામ મળી શકે છે. કોર્ટ મેટરમાં સંઘર્ષ પછી સફળતા મળી શકે છે. માન-પ્રતિષ્ઠા જળવાઈ રહે. ઈન્ટરવ્યૂ, રમતગમત, ટેન્ડર માટે શુભ સમય છે. વિઝા રીજેક્ટ થયા હોય અને પુનઃ પ્રયત્ન કરવાની ઈચ્છા હોય તો ધીરજ રાખવાની ખાસ સલાહ છે.

વિદ્યાર્થીઓએ આત્મવિશ્વાસ સાથે એકાગ્રતા રાખવી ખૂબ જરૂરી છે. યોગ્ય સમયપત્રકને અનુસરીને મહેનત કરવામાં આવશે તો ધાર્યું પરિણામ મેળવી શકાશે.

**કષ્ટ નિવારક મંત્ર - ફક્ત ૨૦૮૨ના વર્ષ માટે (દિવાળી ૨૦૨૫ થી દિવાળી ૨૦૨૬ સુધી)**

**પુરૂષ : ॥ ૐ સૂર્યતામ સૂર્યતામ લક્ષ્મીતા નમઃ ॥**

**સ્ત્રી : ॥ ૐ કાર્યતા વાદીતા નમઃ ॥**

**વિદ્યાર્થી : ॥ ૐ જ્ઞાનમ જ્ઞાનમ નમઃ ॥**

**ઉપરોક્ત મંત્ર ૩ (ત્રણ) વખત કરી એક વખત ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો.**

॥ ૐ નમઃ ॥

## વૃષભ (બ.વ.ઉ.)

વિક્રમ સંવત ૨૦૮૨ના વર્ષની શરૂઆતમાં ધંધા-વ્યવસાયમાં સારી સફળતા મળશે. ભાગ્યવૃદ્ધિના યોગ પ્રબળ છે. લાંબી મુસાફરી કષ્ટદાયી નીવડે. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં અણધારી સફળતા પ્રાપ્ત થાય. વડીલ તરફથી વારસાગત સંપત્તિ મેળવવાના યોગ બને. વ્યવસાયિક આવશ્યકતા માટે નાણાંની સગવડ સરળતાથી મળી રહેશે. ધીરધારનો ધંધો કરનારને ધીમી ગતિએ સફળતા પ્રાપ્ત થાય.

શારીરિક નાની-મોટી તકલીફ રહે. ભૌતિક સુખમાં વધારો થશે. શેર-સટ્ટાકીય કાર્યોમાં સારો નફો મળે. સામાજિકક્ષેત્રે અપયશ મળે. લગ્નઈચ્છુકો માટે આ સમય સારો છે. નોકરિયાતોને બઢતી-બદલીના યોગ છે. સહકાર્યકરો સાથે અણબનાવ રહે પરંતુ શાંતિથી સમજીને કાર્ય કરવું. એક્સપોર્ટ-ઈમ્પોર્ટને લગતા કાર્યોમાં વિશેષ લાભ મળે. ઉઘરાણી ફસાય નહીં તેનું ધ્યાન રાખવું.

વિદ્યાર્થીઓ માટે આ વર્ષ સારું છે. ઈતર પ્રવૃત્તિ છોડી અભ્યાસ પરત્વે ધ્યાન કેન્દ્રિત કરશો તો લક્ષ પ્રાપ્ત કરી શકશો.

**કષ્ટ નિવારક મંત્ર - ફક્ત ૨૦૮૨ના વર્ષ માટે (દિવાળી ૨૦૨૫ થી દિવાળી ૨૦૨૬ સુધી)**

**પુરૂષ : II ૐ શુક્રતા લક્ષ્મીતા નમઃ II**

**સ્ત્રી : II ૐ કાર્યતા વામીતા નમઃ II**

**વિદ્યાર્થી : II ૐગુરુતા જ્ઞાનમ નમઃ II**

**ઉપરોક્ત મંત્ર ૩ (ત્રણ) વખત કરી એક વખત ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો.**

## મિથુન (ક.છ.ઘ.)

આ વર્ષ આપનું મધ્યમ પસાર થશે. સ્થાવર મિલકતના કાર્યો સંઘર્ષ સાથે પાર પડે. અણધાર્યા ખર્ચા આવવાથી ધન વ્યય વધુ થાય. ધંધામાં ઉઘરાણી ફસાઈ ના જાય તેનું ધ્યાન રાખવું. ભાઈ-ભાંડુ તરફથી મનદુઃખના પ્રસંગો બને. સાહસિક કાર્યોમાં સફળતા મળે, પરંતુ કાળજી રાખવી હિતાવહ છે. કૌટુંબિક ધન-સંપત્તિના યોગ સારા બને.

ધીરધારનો ધંધો કરનારે ખૂબ સાવચેતી રાખવી. તમારી મહેનતનું ફળ વિલંબ બાદ મળે. વડીલવર્ગને ઘાતક બિમારીના યોગ બને. તમારી કુટુંબ પ્રત્યેની જવાબદારી વધતી જણાય. ઘરમાં મંગલ પ્રસંગ થાય. નોકરિયાત વર્ગને નોકરીમાં અસ્થિરતા જણાય. બહારગામ વિદેશ ફરવા જવાના યોગ બને. સ્ટીલ, કાપડના ધંધામાં માલનો ભરાવો કરવો નહિ. કારીગરવર્ગની પરેશાનીનો સામનો કરવો પડે. રાજકીય કાર્યક્ષેત્રે કામ કરતા લોકોએ માનહાનિ ના થાય તેનું ધ્યાન રાખવું.

વિદ્યાર્થીઓ માટે આ વર્ષ મિશ્ર ફળદાયી રહેશે. ભણવામાં આળસ આવે, હતાશાનો સામનો કરવો પડે. આવી પરિસ્થિતિમાં તમારે મન એકાગ્ર કરીને ભણવું પડશે, તો જ ઉત્તમ પરિણામ મેળવી શકશો.

**કષ્ટ નિવારક મંત્ર - ફક્ત ૨૦૮૨ના વર્ષ માટે (દિવાળી ૨૦૨૫ થી દિવાળી ૨૦૨૬ સુધી)**

**પુરૂષ : II ૐ શક્તિતા લક્ષ્મીત્ય નમઃ II**

**સ્ત્રી : II ૐ વામજ વામજ નમઃ II**

**વિદ્યાર્થી : II ૐ સરસ્વતીદેવી મહાદેવી નમઃ II**

**ઉપરોક્ત મંત્ર ૩ (ત્રણ) વખત કરી એક વખત ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો.**

## કર્ક (ડ.હ.)

આ વર્ષ આપના માટે મધ્યમ ફળદાયી રહેશે. સામાજિક તેમજ કૌટુંબિક ક્ષેત્રે માન-પ્રતિષ્ઠા વધતી જણાય. ધાર્મિક કાર્યોથી મન પ્રફુલ્લિત રહે. વડીલ વર્ગને શારીરિક તકલીફો વધતી જણાય. ભાગ્યવૃદ્ધિમાં અડચણો અનુભવાય. ધંધાકીય ઉઘરાણી સમયસર ન આવતા આર્થિક તકલીફોનો સામનો કરવો પડે. નવા સાહસિક કાર્યોમાં જોખમ છે માટે સાવચેતીથી નિર્ણય લઈને આગળ વધવું. આંતરિક-માનસિક અશાંતિ છતાં સંકટ મુશ્કેલીમાંથી બહાર નીકળી શકશો.

પારિવારિક જવાબદારીઓ તમારી પરેશાની વધારે. સતત પ્રયત્નશીલ રહેવા છતાં યોગ્ય ફળ ન મેળવી શકો. નોકરિયાતવર્ગને ઉપરી અધિકારી સાથે અણબનાવ રહે. શેરબજારમાં રોકાણ સમજી વિચારીને કરવું. ઉત્પાદનક્ષેત્રે કામ કરતા લોકો માટે આ સમય સારો છે.

વિદ્યાર્થીઓ માટે આ વર્ષ મધ્યમ ફળ આપનારું રહેશે. તમારે કઠોર પરિશ્રમ કરવાની જરૂર જણાય. વિશ્વાસઘાત ના થાય તેનું ધ્યાન રાખવું.

**કષ્ટ નિવારક મંત્ર - ફક્ત ૨૦૮૨ના વર્ષ માટે (દિવાળી ૨૦૨૫ થી દિવાળી ૨૦૨૬ સુધી)**

**પુરૂષ : ॥ ૐ લક્ષ્મીદેવી સિદ્ધા સિદ્ધા નમઃ ॥**

**સ્ત્રી : ॥ ૐ પ્રવજ પ્રવજ રક્ષા નમઃ ॥**

**વિદ્યાર્થી : ॥ ૐ દિવાતીકા શારદાદેવી નમઃ ॥**

**ઉપરોક્ત મંત્ર ૩ (ત્રણ) વખત કરી એક વખત ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો.**

## સિંહ (મ.ટ.)

સિંહ રાશિ ધરાવતા જાતકોનું આ વર્ષ સારું પસાર થશે. રાજકીય કાર્યકર્તાઓ માટે આ સમય શુભ ફળ આપનાર સાબિત થશે. ધંધાકીયક્ષેત્રે નુકસાન અને નિષ્ફળતા થવા છતાં નાણાં સંબંધી તકલીફો નહીં રહે. નોકરી કરતા લોકોને બઢતી-પ્રમોશન મળવાના યોગ છે. ધીરધારનો ધંધો કરનારે સાવચેતી રાખવી. ભાગીદારીના વ્યવસાયિકોને ભાગીદારી છૂટી જવાના યોગ બને. નાની શારીરિક તકલીફોને અવગણતા સ્વાસ્થ્ય એકંદરે સારું રહેશે.

કોર્ટ-કચેરીના કાર્યોમાં સફળતા મળે. દામ્પત્યજીવનમાં મનમેળ સારો રહે. વાહન અકસ્માતથી સાચવવું. શેરબજારમાં નફો થઈ શકે છે. સંતાન અંગેની નાની-મોટી તકલીફો રહે.

વિદ્યાર્થીઓને મહેનતનું ફળ સારું મળશે. ઉચ્ચ ડિગ્રીમાં મોટી સફળતા મળવાના યોગ છે. વિદેશ અભ્યાસ કરવા જવા માટે ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે ઉત્તમ સમય છે. આપ તનતોડ મહેનત કરશો તો મહેનત અચૂક રંગ લાવશે.

**કષ્ટ નિવારક મંત્ર - ફક્ત ૨૦૮૨ના વર્ષ માટે (દિવાળી ૨૦૨૫ થી દિવાળી ૨૦૨૬ સુધી)**

**પુરૂષ : ॥ ૐ પ્રમાતી લક્ષ્મીદેવી નમઃ ॥**

**સ્ત્રી : ॥ ૐ સર્વદા લક્ષ્મીતા નમઃ ॥**

**વિદ્યાર્થી : ॥ ૐ શારદે શારદે મહાદેવી નમઃ ॥**

**ઉપરોક્ત મંત્ર ૩ (ત્રણ) વખત કરી એક વખત ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો.**

## કન્યા (પ.ઠ.ણ.)

કન્યા રાશિ ધરાવતા જાતકોનું આ વર્ષ ઉત્તમ પસાર થશે. ધંધા-વ્યવસાયમાં આર્થિક દૃષ્ટિએ મોટો લાભ થવાની શક્યતા નકારી શકાય એમ નથી. લોન કે વ્યાજે પૈસા લેવા નહિ કે ઉછીના પૈસા આપવા નહિ. પૈસાની લેવડદેવડ બાબતે ખાસ ધ્યાન રાખવું. દલાલીના ધંધામાં સફળતા મળે. વાહન અકસ્માતથી સાવધ રહેવું. વિદેશ જવાના યોગ પ્રબળ છે. સંતાનોના વિકાસ માટે સારી તક મળે.

ઈમ્પોર્ટ-એક્સપોર્ટ, કન્સ્ટ્રક્શન તેમજ પ્રાઈવેટ ક્ષેત્રમાં જોબ કરતા લોકો માટે આર્થિક સ્થિતિ સારી રહેશે. કોર્ટ-કચેરીના અટકેલા કામો પરિપૂર્ણ થશે. ફસાયેલા નાણાં પરત આવે. આરોગ્ય બાબતે આ વર્ષ એકંદરે સારું છે. સ્ત્રીઓને એમની જવાબદારીમાંથી રાહત થશે.

વિદ્યાર્થીઓને એમની મહેનતના પ્રમાણમાં ધાર્યુ પરિણામ પ્રાપ્ત થશે. વિદેશ ભણવા જવાનું સપનું સાકાર થાય. ઉચ્ચ અભ્યાસમાં મક્કમ મનોબળ રાખીને કરેલી મહેનત વધુ સફળતા અપાવશે.

**કષ્ટ નિવારક મંત્ર - ફક્ત ૨૦૮૨ના વર્ષ માટે (દિવાળી ૨૦૨૫ થી દિવાળી ૨૦૨૬ સુધી)**

**પુરૂષ : ॥ ૐ ધનીતા ધનીતા નમો નમઃ ॥**

**સ્ત્રી : ॥ ૐ કારીકા કારીકા ધનીતા નમઃ ॥**

**વિદ્યાર્થી : ॥ ૐ લાવીન્ય જ્ઞાનમ નમઃ ॥**

**ઉપરોક્ત મંત્ર ૩ (ત્રણ) વખત કરી એક વખત ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો.**

## તુલા (ર.ત.)

તુલા રાશિના જાતકોનું આ ખૂબ જ ફળદાયી રહેશે. શેર-સટ્ટાકીય કાર્યોમાં અણધાર્યો ફાયદો થાય. જમીન-મકાનના ધંધામાં સારો ફાયદો થાય. આરોગ્ય પ્રત્યે લાપરવાહી રાખવી નહિ. નોકરિયાતોને પ્રમોશન મળે અને પગારમાં વધારો થાય. સરકારી કે અર્ધસરકારી કર્મચારીઓએ ખૂબ જ સાવચેતી રાખવી. કોઈપણ રાજકીય લોકોનો હાથો ના બની જાઓ તેનો ખ્યાલ રાખવો.

વાહન ચલાવવામાં સાવધાની રાખવી. દામ્પત્યજીવનમાં સુમેળભર્યા સંબંધો રહેશે. કોર્ટ કેસમાં વિજય પ્રાપ્ત થશે. સંતાન ઈચ્છુક માટે ઉત્તમ સંતાનયોગ બને. વિદેશ ફરવા જવાના યોગ છે. પારિવારિક જીવન ખૂબ જ સુખી રહેશે. મહત્ત્વપૂર્ણ નિર્ણયો લેવા માટે જાન્યુઆરી પછીનો સમય શ્રેષ્ઠ છે.

વિદ્યાર્થીઓને એમની મહેનતનું ધાર્યુ પરિણામ મળશે. કોમ્પીટીટીવ એક્ઝામમાં ઉત્તમ પરિણામ મળશે. એડમીશનના કાર્યો સરળતાથી પાર પડી જશે. આપનો આત્મવિશ્વાસ અને સખત મહેનત જ આપને ઉત્તમ સફળતા અપાવશે.

**કષ્ટ નિવારક મંત્ર - ફક્ત ૨૦૮૨ના વર્ષ માટે (દિવાળી ૨૦૨૫ થી દિવાળી ૨૦૨૬ સુધી)**

**પુરૂષ : ॥ ૐ શુભાંશુ લક્ષ્મીદેવી નમઃ ॥**

**સ્ત્રી : ॥ ૐ વામ વામ સિદ્ધિતા નમઃ ॥**

**વિદ્યાર્થી : ॥ ૐ કાર્યમ ગુરુતા નમઃ ॥**

**ઉપરોક્ત મંત્ર ૩ (ત્રણ) વખત કરી એક વખત ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો.**

## વૃશ્ચિક (ન.ય.)

આ વર્ષ આપનું થોડું સંઘર્ષમય પસાર થશે. આર્થિક તકલીફોનો સામનો કરવો પડે. ખોટા ખર્ચામાં પૈસાનો વ્યય થાય. ધંધામાં નુકસાન ન થાય તેની કાળજી રાખવી. ઉઘરાણીના કાર્યોમાં તકલીફ પડે. લગ્નજીવનમાં મતભેદ રહ્યા કરે. નવા વાહનની ખરીદી કરી શકો. શેરબજારમાં રોકાણ કે કોઈપણ સાહસિક કાર્યોથી દૂર રહેવું. સંતાનોની પ્રગતિ આપને આનંદ આપશે.

નોકરિયાતોને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે. કોર્ટ-કચેરીના કાર્યોમાં સંઘર્ષ કરવો પડે. વડીલવર્ગની તબિયતની કાળજી રાખવી. ભાગીદાર સાથે વિશ્વાસઘાત થઈ શકે. જમીન-મકાનમાં રોકાણ કરવું આ વર્ષ દરમ્યાન હિતાવહ નથી. વ્યવસાયિક, રાજકીય ક્ષેત્રે મહત્ત્વના નિર્ણયો લેવામાં ઉતાવળ કરવી નહિ.

વિદ્યાર્થીઓ માટે આ વર્ષ કસોટીમય સાબિત થશે. વિદેશ ભણવા જવા માટે અવરોધોનો સામનો કરવો પડે. ઉચ્ચ અભ્યાસમાં ધાર્યા કરતા ઓછું પરિણામ પ્રાપ્ત થાય.

**કષ્ટ નિવારક મંત્ર - ફક્ત ૨૦૮૨ના વર્ષ માટે (દિવાળી ૨૦૨૫ થી દિવાળી ૨૦૨૬ સુધી)**

**પુરૂષ : ॥ ૐ પ્રવીતા લક્ષ્મીતા નમઃ ॥**

**સ્ત્રી : ॥ ૐ સર્વતા વાદમ નમઃ ॥**

**વિદ્યાર્થી : ॥ ૐ વિદ્યાદેવી મહાદેવી નમઃ ॥**

**ઉપરોક્ત મંત્ર ૩ (ત્રણ) વખત કરી એક વખત ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો.**

## ધન (ભ.ફ.ધ.ઢ.)

ધન રાશિ ધરાવતા જાતકોનું આ વર્ષ ખૂબ જ સંઘર્ષમય પસાર થશે. ધંધાકીય કાર્યોમાં વિઘ્નો-રૂકાવટોનો સામનો કરવો પડે. શેર-સટ્ટાકીય કાર્યોમાં બહુ લોભ કરવો નહિ. આર્થિક ધન વ્યય વધુ થાય. સામાજિક કાર્યક્ષેત્રે માનહાનિ થવાના યોગ છે. આરોગ્ય બાબતે તકલીફો રહે. રાજકીય કાર્યકર્તાઓને તેમના સપના સાકાર થતા દેખાશે. નોકરિયાતવર્ગને ઉતાર-ચઢાવ રહ્યા કરે. કોર્ટ-કચેરીના કામકાજમાં અવરોધો આવે.

લખાણ-દસ્તાવેજના કાર્યોમાં સાચવવું. આ વર્ષ દરમ્યાન લોન લેવાનું ટાળવું. એગ્રીકલ્ચરના ધંધા સાથે સંકળાયેલા લોકો માટે આ વર્ષની શરૂઆતનો સમય એકંદરે સારો રહેશે. વારસાગત મિલકતના પ્રશ્નોના ઉકેલમાં આ વર્ષે સફળતા મળશે.

વિદ્યાર્થીઓ માટે આ વર્ષ વધુ મહેનત સાથે સફળતા પ્રાપ્ત કરાવશે. ખરાબ સંગતથી દૂર રહેવું. આપનું વિદેશ ભણવા જવાનું સપનું સાકાર કરવા માટે તકલીફોનો સામનો કરવો પડે.

**કષ્ટ નિવારક મંત્ર - ફક્ત ૨૦૮૨ના વર્ષ માટે (દિવાળી ૨૦૨૫ થી દિવાળી ૨૦૨૬ સુધી)**

**પુરૂષ : ॥ ૐ અષ્ટલક્ષ્મીદેવી સર્વસિદ્ધિ નમઃ ॥**

**સ્ત્રી : ॥ ૐ સર્વસિદ્ધિ વામજ વામજ નમઃ ॥**

**વિદ્યાર્થી : ॥ ૐ સર્વસિદ્ધિ જ્ઞાનદેવી નમઃ ॥**

**ઉપરોક્ત મંત્ર ૩ (ત્રણ) વખત કરી એક વખત ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો.**

## મકર (ખ.જ.)

આ રાશિના જાતકોનું આ વર્ષ મધ્યમ પસાર થશે. શત્રુઓ કે હરીફોથી સાવધાન રહેવું. શેરસટ્ટામાં ક્યાંક પૈસા ડૂબી ના જાય તેનું ધ્યાન રાખવું, નહિતર મોટું આર્થિક નુકસાન ભોગવવું પડશે. અટકેલી ઉઘરાણી પરત આવવાના યોગ પ્રબળ છે. કોર્ટ કેસ ચાલતો હોય તો એ કામમાં સજાગ રહેવું. આ વર્ષ દરમ્યાન આર્થિક તકલીફનો સામનો કરવો પડે.

આરોગ્ય બાબતે બેપરવાહ ન રહેવું, નહિ તો કોઇ ગંભીર બિમારીનો સામનો કરવો પડશે. દામ્પત્યજીવનમાં ગુસ્સા પર કાબુ રાખવો. વારસાગત મિલકતના પ્રશ્નોના ઉકેલમાં આ વર્ષે સફળતા મળશે. તમારી ઉપર પારિવારિક જવાબદારીનો બોજો વધે. કોઈપણ કાર્યને પૂર્ણ કરવા માટે વધુ મહેનતની જરૂર પડે અને વિધ્નો આવે.

વિદ્યાર્થીઓ માટે આ વર્ષ સારું રહેશે. તમે પુરુષાર્થનું યોગ્ય ફળ મેળવી શકશો. ઉચ્ચ ડિગ્રીની પ્રાપ્તિ માટે કમર કસવી પડશે, પરંતુ સફળતા ચોક્કસ મળશે.

**કષ્ટ નિવારક મંત્ર - ફક્ત ૨૦૮૨ના વર્ષ માટે (દિવાળી ૨૦૨૫ થી દિવાળી ૨૦૨૬ સુધી)**

**પુરૂષ : ll ૐ શુભમ શુભમ કુબેરદેવ નમઃ ll**

**સ્ત્રી : ll ૐ શુભીતા શુભીતા વામ નમઃ ll**

**વિદ્યાર્થી : ll ૐ જ્ઞાનમ જ્ઞાનમ શક્તિ નમઃ ll**

**ઉપરોક્ત મંત્ર ૩ (ત્રણ) વખત કરી એક વખત ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો.**

## કુંભ (ગ.શ.ષ.)

કુંભ રાશિના જાતકોનું આ વર્ષ મધ્યમ પસાર થશે. પરિવારની જવાબદારી વધતી જણાય. આર્થિક છેતરામણી થવાના યોગ બને. તમને પ્રગતિની સારી તકો મળે છતાં તમે તે પ્રાપ્ત ન કરી શકો. ભાગીદારીના કામકાજમાં મહેનત-પરિશ્રમનું ફળ ઓછું મળે. ધાર્મિક કાર્યો થાય. વડીલોપાર્જિત ધનસંપત્તિના ભાગની ચર્ચા વણઉકલી રહે. રાજકીય ક્ષેત્રે કાર્યકર્તાઓ માટે સમય અનુકૂળ રહે. સરકારી કર્મચારીઓ માટે આ વર્ષ વિધ્નો ભરેલું રહેશે.

તમે નકારાત્મક વિચારોથી ઘેરાયેલા રહેશો. આવક કરતા જાવકનું પ્રમાણ વધુ રહેશે. કૌટુંબિક વાતાવરણ તંગ રહે. ધંધા-વ્યવસાયિકોને આર્થિક તકલીફોનો સામનો કરવો પડે. નોકરિયાતોને આર્થિક પ્રગતિ જણાય નહીં અને જવાબદારીમાં વધારો થાય.

વિદ્યાર્થીઓ માટે આ વર્ષ મધ્યમ પસાર થાય. અભ્યાસમાં એકાગ્રતા રાખવી ખૂબ જરૂરી છે. ઉચ્ચ ડિગ્રી માટેના પ્રયત્નો ઓછા પડતા જણાય. આ વર્ષે તમારે અભ્યાસમાં ખૂબ મહેનતની જરૂર છે. વિદેશ ભણવા ઈચ્છતા વિદ્યાર્થીઓને સફળતા મળે.

**કષ્ટ નિવારક મંત્ર - ફક્ત ૨૦૮૨ના વર્ષ માટે (દિવાળી ૨૦૨૫ થી દિવાળી ૨૦૨૬ સુધી)**

**પુરૂષ : ll ૐ કારીકા લક્ષ્મીતા નમઃ ll**

**સ્ત્રી : ll ૐ કારવ્ય કારવ્ય રક્ષા નમઃ ll**

**વિદ્યાર્થી : ll ૐ કારીકા જ્ઞાનદેવી નમઃ ll**

**ઉપરોક્ત મંત્ર ૩ (ત્રણ) વખત કરી એક વખત ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો.**

## મીન (દ.ચ.ઝ.થ.)

મીન રાશિના જાતકોનું આ વર્ષ સારું પસાર થશે. તમારો પુરુષાર્થ અને પ્રારબ્ધ નવા શિખર સફળતાથી પાર કરાવશે. તમારા સપના સાકાર થતા જણાશે. નવા ધંધાકીય ચાન્સ મળશે. આકસ્મિક ધનલાભ થશે. ધંધાકીય કાર્યોમાં વિકાસના યોગ પ્રબળ છે. નવા મકાન-વાહનની ખરીદી આ વર્ષ દરમ્યાન શક્ય બનશે. સામાજિક યશ-પ્રતિષ્ઠા વધશે. બિનજરૂરી ખર્ચથી દૂર રહેવું. કોઈકવાર માનસિક હતાશા-અશાંતિ રહે. સંતાનના ભાગ્યથી વિશેષ ઉન્નતિ મળે. કાનૂની જવાબદારીનો બોજો વધે.

નોકરિયાતવર્ગને નવી તકો અને બઢતી મળે. વિદેશ પ્રવાસના યોગ બને. હિત-શત્રુઓથી સાવચેત રહેવું. લાંબી બીમારીથી સાચવવું. શેર-સટ્ટાકીય કાર્યોમાં ગણતરીપૂર્વક કામકાજ કરશો તો સારી સફળતા મેળવશો.

વિદ્યાર્થીઓ માટે આ વર્ષ મધ્યમ પસાર થાય. આત્મવિશ્વાસ સાથે લીધેલા નિર્ણય સફળતા અપાવશે. વધુ મહેનત પરિશ્રમ કરશો તો સફળતા મેળવી શકશો.

**કષ્ટ નિવારક મંત્ર - ફક્ત ૨૦૮૨ના વર્ષ માટે (દિવાળી ૨૦૨૫ થી દિવાળી ૨૦૨૬ સુધી)**


**પુરૂષ : ॥ ૐ ધનકુબેર ધનલક્ષ્મીદેવી નમઃ ॥**

**સ્ત્રી : ॥ ૐ વામજ્ય વામજ્ય નમઃ ॥**

**વિદ્યાર્થી : ॥ ૐ ત્રતા જ્ઞાન નમઃ ॥**

**ઉપરોક્ત મંત્ર ૩ (ત્રણ) વખત કરી એક વખત ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો.**


**સદ્‌ગુરુ ૐઋષિ** દ્વારા આ ચેનલ ઉપર દરેક પ્રશ્નોના સમાધાન માટે અલગ - અલગ મંત્ર પ્રશ્નોનાં સમાધાન માટે આપેલ છે, માટે આ ચેનલ અચૂક જોવી, સબસ્ક્રાઇબ કરી બેલ આઇકન (ઘંટડી) ઉપર કલીક કરવું.



મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ.પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી

**અમારા નવા વિડીયો મેળવવા માટે સબસ્ક્રાઇબ કરો.**

**YouTube**

**સ્ટેપ- ૧ યૂ ટ્યૂબ ચેનલ પર કલીક કરો**
**સ્ટેપ- ૨ ટાઇપ કરો "SADGURU OMRUSHI"**
**સ્ટેપ- ૩ "SADGURU OMRUSHI" પર કલીક કરો**
**સ્ટેપ- ૪ SUBSCRIBE બટન કલીક કરો અને Bell ની નિશાનીને દબાવો.**

**સદ્‌ગુરુ ૐઋષિ દ્વારા રચિત રોજનો પવિત્ર શબ્દ નીચે આપેલ ચેનલ ઉપર આપ નિહાળી શકો છો.**

# દિવાળીના શુભ મુહૂર્તો (સં.૨૦૮૧ ઇ.સ.૨૦૨૫)

## સંવત ૨૦૮૧માં નવા ચોપડા ખરીદવાના અને નોંધાવવાના શુભ મુહુર્તો



(૧) આસો સુદ-૯, બુધવાર, તા.૧-૧૦-૨૦૨૫
સવારે ૧૧-૦૨ થી ૧૨-૨૫ કલાક
બપોરે ૧૫-૩૨ થી ૧૮-૨૪ કલાક નવા ચોપડા નોંધાવવા માટે શુભ.

(૨) આસો સુદ-૧૦, ગુરૂવાર, તા.૨-૧૦-૨૦૨૫
સવારે ૧૧-૦૩ થી ૧૫-૨૫ કલાક
સાંજે ૧૮-૨૭ થી ૨૧-૨૫ કલાક નવા ચોપડા નોંધાવવા માટે શુભ.

(૩) આસો વદ-૮, મંગળવાર, તા.૧૪-૧૦-૨૦૨૫
સવારે ૧૧-૦૫ થી ૧૩-૫૦ કલાક | બપોરે ૧૫-૨૨ થી ૧૬-૪૫ કલાક
સાંજે ૧૯-૪૫ થી ૨૧-૧૮ ચોપડા લાવવા અને સોનુ-ચાંદી લાવવા માટે શુભ.



## ધનતેરસ - ધન પૂજન - લક્ષ્મીપૂજન - કુબેરપૂજનના શુભ મુહૂર્તો તેમજ

**આસો વદ-૧૨, શનિવાર, તા.૧૮-૧૦-૨૦૨૫**

સવારે ૦૮-૦૭ થી ૦૯-૩૦ કલાક | બપોરે ૧૨-૨૭ થી ૧૬-૪૨ કલાક
સાંજે ૧૮-૧૪ થી ૧૯-૪૩ કલાક | રાત્રે ૨૧-૨૦ થી ૨૫-૫૫ કલાક



## કાળીચૌદશ - કાળીપૂજા - યંત્રપૂજાના શુભ મુહૂર્તો



**આસો વદ-૧૩, રવિવાર, તા.૧૯-૧૦-૨૦૨૫**

સવારે ૦૮-૧૦ થી ૧૨-૨૨ કલાક | બપોરે ૧૩-૫૪ થી ૨૨-૪૯ કલાક

## ધનલક્ષ્મી-ચોપડા-શારદાપૂજનનાં શુભ મુહૂર્તો દિવાળી-દિપાવલી-લક્ષ્મી-શારદા ચોપડા પૂજન



**આસો વદ-૧૪, સોમવાર, તા.૨૦-૧૦-૨૦૨૫, દિવાળી-દિપાવલી**



સવારે ૦૯-૩૪ થી ૧૦-૫૭ કલાક | બપોરે ૧૩-૫૪ થી ૧૮-૦૭ કલાક
સાંજે ૧૮-૧૦ થી ૨૧-૩૨ કલાક | રાત્રે ૨૨-૫૩ થી ૨૪-૨૩ કલાક

## બેસતુંવર્ષ સં.૨૦૮૦માં ધંધો-વેપાર-દુકાન-પેઢી ખોલવાના શુભ મુહૂર્તો



(૧) કારતક સુદ-૧, બુધવાર, તા.૨૨-૧૦-૨૦૨૫, બેસતુંવર્ષ-નૂતનવર્ષ
સવારે ૬-૪૩ થી ૯-૩૧ કલાક | બપોરે ૧૧-૦૧ થી ૧૨-૨૨

(૨) કારતક સુદ-૨, ગુરૂવાર, તા.૨૩-૧૦-૨૦૨૫
સવારે ૬-૪૨ થી ૦૮-૦૫ કલાક | સવારે ૧૦-૫૮ થી ૧૫-૧૪ કલાક

(૩) કારતક સુદ-૩, શુક્રવાર, તા.૨૪-૧૦-૨૦૨૫
સવારે ૬-૪૦ થી ૧૦-૫૬ કલાક

## લાભપાંચમ-જ્ઞાનપંચમીના શુભ મુહૂર્તો



**કારતક સુદ-૫, રવિવાર, તા.૨૬-૧૦-૨૦૨૫, લાભપાંચમ-જ્ઞાનપંચમી**



સવારે ૧૦-૫૦ થી ૧૨-૨૨ કલાક



॥ ૐ નમઃ ॥

# દેવદિવાળી



## દેવદિવાળી થી દેવદિવાળી સુધી

### ઇન્દ્રલોકના દેવરાજ ઇન્દ્રદેવની કૃપા પ્રાપ્ત કરવા માટે ચમત્કારિક મંત્ર ગુરૂચાવી

દેવદિવાળી એ શ્રેષ્ઠ, દુર્લભ અને કલ્યાણકારી એવું કારતક માસમાં આવતું ભારતીય સંસ્કૃતિનું એક અનેરું મહાપર્વ છે. પૌરાણિક કથા અનુસાર શંખાસુર નામના દૈત્યના ત્રાસથી ત્રાહિમામ્ ત્રાહિમામ્ પોકારતા દુ:ખી થયેલા દેવો અંતે ભગવાન વિષ્ણુના શરણે જાય છે અને દૈત્યના ત્રાસથી મુક્ત કરાવવા પ્રાર્થના કરે છે. દેવોને શંખાસુરના ત્રાસથી મુક્ત કરાવવા ભગવાન વિષ્ણુ શંખાસુરની સામે યુદ્ધે ચડયા અને બંન્ને વચ્ચે ધમાસણ યુદ્ધ થયું.

શંખાસુર મહાશક્તિશાળી હતો. શંખાસુર સાથે ભગવાનનું યુદ્ધ પાંચ હજાર વર્ષ સુધી ચાલ્યું અને અંતતઃ અને શંખાસુર માર્યો ગયો. આ દીર્ઘ યુદ્ધના કારણે ભગવાનને અતિશય થાક લાગ્યો હોવાથી ભગવાન વિષ્ણુ શયની એકાદશીએ શેષશૈયામાં પોઢી ગયા. ચાર-ચાર માસ થઇ ગયા તો પણ ભગવાન જાગ્યા નહિ. તેથી દેવોએ ભગવાનને જગાડવા માટે પ્રાર્થના કરી. પ્રાર્થનાના સુરો ભગવાનને સંભળાયા અને ભગવાન વિષ્ણુ ક્ષીરસાગરમાં શેષશૈયા પરથી જાગૃત થયા અને આમ તુલસીવિવાહ ઉત્સવ થયો, અનેરો આનંદ છવાયો. આ પ્રસંગ 'દેવદિવાળી' તરીકે ઉજવવાની શરૂઆત થઇ.

દેવોની દિવાળી એ વર્ષનું મંગળાચરણ છે. દેવોને પ્રાર્થના કરી વર્ષની શુભ શરૂઆત કરવાથી સર્વ કાર્યોમાં માંગલ્ય આવે છે અને વર્ષના બધાં જ પર્વો મંગલ બને છે. આ દિવસથી શુભ કાર્યો શરૂ થાય છે. 'દેવદિવાળી'ના સંદર્ભમાં એક બીજી પૌરાણિક કથા પણ સંકળાયેલી અને પ્રચલિત છે.

ત્રિપુર નામનો મહાદૈત્ય પ્રયાગક્ષેત્રમાં તપ કરતો હતો. તેણે ઉગ્ર તપશ્ચર્યા કરી. એના તપના તેજ અને પ્રભાવથી ત્રિભુવન પણ બળવા માંડયા, એને સંમોહિત કરવા દેવોએ અનેક અપ્સરાઓ મોકલી અને વિવિધ ઉપાયો કર્યા, પરંતુ તપસ્વી દૈત્ય ચલિત થયો નહિ અને કામ, ક્રોધ કે લોભને પણ વશ થયો નહિ

અને તેણે બ્રહ્માજીને પ્રસન્ન કરી અમરત્વ માંગ્યું, ત્યારે બ્રહ્માજી બોલ્યા, 'હે વત્સ! કોઇ અમર નથી તો પછી અન્યની તો શી વાત કરવી? શરીર ધારીઓ માટે મરણ અનિવાર્ય છે એટલે મારી પાસેથી અન્ય વરદાન માંગી લે.'

ત્રિપુર બોલ્યો : 'હે પિતામહ! દેવથી, મનુષ્યથી, રાક્ષસથી, સ્ત્રીઓથી કે રોગથી મારું મૃત્યુ થાય નહિ એવું મને શ્રેષ્ઠ વરદાન આપો.' ત્યારે 'તથાસ્તુ' કહીને બ્રહ્મદેવ સત્યલોકમાં ગયા. ત્રિપુરાસુરને વરદાન પ્રાપ્ત થયું છે એ સમાચાર સાંભળી અનેક દૈત્યો એની પાસે આવ્યા. ત્રિપુરાસુરે દૈત્યોને આદેશ આપ્યો કે, 'આપણા વિરોધી દેવોને હરાવી નાખો. એમ ન થાય તો એમની પાસેની સર્વોત્તમ વસ્તુઓ છીનવી લો અને મને સમર્પિત કરો.' દૈત્યરાજ ત્રિપુરની આજ્ઞા થતાં સર્વ દૈત્યોએ સર્વ દેવોને, સર્પોને અને યક્ષોને બંદીવાન બનાવી ચોતરફ હાહાકાર મચાવી દીધો.

વિશેષમાં ત્રિપુરના વચનોને અનુસરતા વિશ્વકર્માએ ત્રિપુરની રચના કરી. જે તેજ ગતિથી ઉડનારા ધાતુના વિમાન જેવા ત્રણ પુર હતાં. ત્રિપુરાસુર એક પુરથી પાતાળમાં, એક પુરથી સ્વર્ગમાં અને એક પુરથી પૃથ્વી પર ઇચ્છાનુસાર વિચરતો અને વિનાશ સર્જતો. દેવો ત્રસ્ત અને લાચાર બન્યા. આગળની કથા અનુસાર ઇન્દ્ર, બ્રહ્મા અને વિષ્ણુ તેમજ નારદમુનિનું મિલન થયું. સૌએ શિવજીને મળી ત્રિપુરાસુરના સંહાર માટે તેમનું શરણ સ્વીકાર્યું. દેવર્ષિ નારદજીની માયાથી પ્રેરિત ત્રિપુરાસુરે કૈલાસ પર આક્રમણ કર્યું.

ત્રણ દિવસ સુધી સર્વ એકત્રિત દેવો સાથે ત્રિપુરાસુરે મહાયુદ્ધ કર્યું અને કાર્તિક માસની શુક્લ પક્ષની પૂર્ણિમાના દિવસે ભગવાન શિવજીએ એક જ બાણથી ત્રિપુરાસુરને મારી નાખ્યો, એટલે સર્વ દેવો પ્રસન્ન થયા. હર્ષોલ્લાસથી તેઓએ સદાશિવને પ્રસન્ન કરવા દીપ સમર્પિત કર્યા અને દિવાળી જેવો ઉત્સવ પણ ઉજવ્યો. આથી આ દિવસને 'દેવદિવાળી' તરીકે ઓળખવામાં આવે છે.

કાર્તિક પૂર્ણિમા 'દેવદિવાળી' ના દિવસે પરમાત્માનું સ્મરણ કરી દીપદાન કરવાનું વિશેષ મહત્વ છે. એના થકી સર્વ પાપોમાંથી મુક્ત થવાય છે. આ દીપ પ્રાગટ્ય અને તેના દર્શન થકી સુખ-શાંતિ, સમૃદ્ધિ અને અભ્યુદય તથા ઐશ્વર્યની પ્રાપ્તિ અવશ્ય થાય છે એવું પૌરાણિક ગ્રંથમાં કહેવાયું છે.

આ તો દેવોના આનંદની વાત થઇ પણ સામાન્ય મનુષ્ય માટે એમ કહી શકાય કે મનુષ્યના મન અને વર્તનમાંથી અસુરભાવ ટળે અને હૃદયમંદિરમાં દૈવીભાવ પ્રગટે- દેવાધિદેવ પ્રગટે તે જ મનુષ્યની દેવદિવાળી. અસુરોરૂપી દોષો ટળે એ દિવાળી અને પરબ્રહ્મ પરમાત્મા ૐકારના દિવ્ય ચૈતન્ય સ્વરૂપે મળે એ દેવદિવાળી.

**ઇન્દ્રલોકના દેવરાજ ઇન્દ્રદેવની કૃપા પ્રાપ્ત કરવા માટે અહીં આપેલા દિવ્યમંત્રને આત્મસાત કરો.**

**દિવ્ય મંત્ર**

**॥ ૐ દેવસ્ય ઈન્દ્રાય સૂર્યવિદન્ત્યદેવાય નમઃ ॥**

**ઉપર આપેલ મંત્ર ૯ વખત કરવો ત્યારબાદ ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ એકવાર કરવો. આ મંત્ર રોજ આ દેવદિવાળીથી આવતી દેવદિવાળી સુધી કરવો.**

## જીવનમાં આવતા અવરોધ દૂર થયા

મારું નામ મુકેશ શાહ છે. હું છેલ્લા 10 વર્ષથી નિયમિત રીતે ૐકાર ચાલીસાનું પઠન કરું છું. સૌથી પહેલાં 2013માં હું પરમ પૂજ્ય ગુરુજીને મળ્યો હતો. મારા કામમાં કોઈ ને કોઇ અવરોધ અને અટકાવ આવતા હતા. મેં મારી રીતે બધા જ પ્રયત્નો કર્યા, છતાં પણ આર્થિક રીતે પરિસ્થિતિ પ્રતિદિન બગડતી જતી હતી. માથા પર દેવું વધી ગયું હતું. મેં ગુરુજીને મારી વ્યથા જણાવી.

ગુરુજીએ મારી મુખમુદ્રા અને ઓરા જોઈ અને કહ્યું, "હું એક દિવ્ય મંત્ર અને ૐકાર ચાલીસા આપું છું એનો પાઠ નિયમિત કર." પરમ પૂજ્ય ગુરુજીએ આગળ કહ્યું કે, "જો તું નિયમિત રીતે આ કરીશ, તો તારા જીવનમાં આર્થિક રીતે ચોક્કસ બદલાવ આવશે."

મેં નિયમિત રીતે મંત્ર અને ૐકાર ચાલીસાનું પઠન શરૂ કરી દીધું. ધીમે ધીમે કરતાં 6 મહિનામાં બદલાવ શરૂ થઈ ગયો. પરમ પૂજ્ય ગુરુજીએ મને ત્રણ વાત કહી હતી: "એક, તું તારું કામ બંધ ના કરતો; બીજું, કોઈ પણ પરિસ્થિતિમાં ધંધો બદલતો નહીં; અને ત્રીજું, જે સાહસથી ધંધો કરે છે, એ સાહસથી ધંધો ચાલુ રાખજે."

આ ત્રણ મુદ્દા મેં મારા જીવનમાં અપનાવી લીધા અને ત્યારબાદ બાકીનું કામ મંત્ર અને ૐકાર ચાલીસાએ કર્યું. હું આજે પણ દૃઢપણે માનું છું કે મારા જીવનમાં જે પરિવર્તન આવ્યું છે, તે મંત્ર અને ૐકાર ચાલીસાના પઠનથી અને પરમ પૂજ્ય ગુરુજીના આશીર્વાદથી આવ્યું છે. પરમ પૂજ્ય ગુરુજીના ચરણોમાં કોટિ કોટિ વંદન.

લી. મુકેશ શાહ (વડોદરા)

આપના કોઇપણ અટકેલા કાર્યો કે કોઇ કાર્યમાં વિઘ્ન આવતું હોય તો તેમાં સફળતા મેળવવા માટે ૐકાર ચાલીસા અને લેખન અને પઠન નિયમિત કરો. તેમજ સદગુરુ ૐઋષિ ચેનલ પર દર મહિને પૂનમના દિવસે આપવામાં આવતા મંત્રશક્તિપાત અને સિદ્ધપ્રયોગ અવશ્ય સાંભળો.

## શ્રી ક્ષેત્રપાળવીરદાદાના દર્શનથી મારો દીકરો બોલતો થયો

ૐ નમઃ..., મારું નામ નમિતા દેસાઈ છે. મારો દીકરો 2 વર્ષનો થવા આવ્યો, પરંતુ બોલતો નહોતો. અમે પરમ પૂજ્ય ગુરુજીને મળવા ગયા. ગુરુજીએ કહ્યું કે, "ૐકારધામ તીર્થમાં પ્રતિષ્ઠિત શ્રી ક્ષેત્રપાળવીર દાદાના દર્શનાર્થે દીકરાને સાત રવિવાર સુધી દર્શન કરાવો અને પ્રાર્થના કરો."

પરમ પૂજ્ય ગુરુજીએ કહેલી સૂચના પ્રમાણે અમે ૐકારધામ તીર્થમાં શ્રી ક્ષેત્રપાળવીર દાદાના દર્શને મહિનામાં એક રવિવારે જવાનું શરૂ કર્યું. ત્રીજા રવિવારે દર્શન કરતાં જ એના મુખમાંથી શબ્દો ત્યાં જ નીકળ્યા.

અસ્પષ્ટ શબ્દો હતા, પરંતુ પહેલીવાર અમે એનો અવાજ સાંભળ્યો. અને આખો પરિવાર ખૂબ ખુશ થઈ ગયો. આ અમારા માટે અને અમારા પરિવાર માટે એક ચમત્કાર જેવી ઘટના હતી, કારણ કે ડોક્ટરની બધી દવા કરી દીધી હતી, પરંતુ કંઈ પણ એનું પરિણામ મળતું નહોતું. સાત રવિવાર પરિપૂર્ણ થતા પહેલાં તો દીકરો બોલતો પણ થઈ ગયો.

આજે જ્યારે આ અનુભવ હું લખું છું, ત્યારે તે સંપૂર્ણ બોલતો થઈ ગયો છે. આ શ્રી ક્ષેત્રપાળવીર દાદાના ચમત્કારનો જ પ્રતાપ અને પરિણામ છે. પરમ પૂજ્ય ગુરુજીના ચરણોમાં કોટિ કોટિ વંદન...

લી. નમિતા દેસાઈ (મુંબઈ)

**આપના જીવનમાં કોઇ વણઉકલી સમસ્યા કે પીડા હોય તો ૐકારધામ તીર્થમાં પ્રતિષ્ઠિત શ્રી ક્ષેત્રપાળવીરના દર્શનાર્થે એક રવિવાર ભરો. આપની મનોકામના અવશ્ય પૂરી થશે. શ્રી ક્ષેત્રપાળવીર દાદાની એ મૂર્તિ પરમ પૂજ્ય ગુરુજીએ એવી મંત્રઊર્જાથી પ્રતિષ્ઠિત કરી છે કે એમના દર્શન કરનારની મનોકામના અવશ્ય પૂરી થાય છે. આપ પણ આ ચમત્કારનો અનુભવ ચોક્કસ કરો.**

## મારું પાકીટ મળી ગયું

મારું નામ શેફાલી પટેલ છે. હું અને મારી મિત્ર દિવ્યા શોપિંગ કરવા માટે એક મોલમાં ગયા હતા. ખરીદી કર્યા બાદ અમે કેફેમાં નાસ્તો કરવા માટે બેઠા. પૈસા આપવા માટે જ્યારે મેં પાકીટ હાથમાં લેવાની કોશિશ કરી તો પાકીટ નહોતું. અમે મોલમાં ૧૫થી ૨૦ દુકાનો ફર્યા હતા અને ભીડ પણ ખૂબ જ હતું.

પાકીટમાં સારી એવી રકમ હતી અને સાથે બધા ડેબિટ કાર્ડ તેમજ આધાર કાર્ડ ને બધું હતું. હું જે કંપનીમાં જોબ કરું છું એના કેટલાક અગત્યના ડોક્યુમેન્ટ્સ પણ હતા. હું ખૂબ જ ગભરાઈ ગઈ. શોપિંગ બેગની જોડે મારું પાકીટ છે એમ સમજી હતી, પરંતુ શોપિંગ બેગમાં મારું પાકીટ ન મળ્યું. અમે મોલમાં શોધાશોધ શરૂ કરી.

એ વખતે મેં મનમાં મનોકામના કરી કે પાકીટ મળી જાય એટલે ત્રણ વખત ૐકાર ચાલીસાનો પાઠ કરીશ. મેં જેવી મનોકામના કરી અને જે સ્ટોરમાં હું ગઈ ત્યાં જ મને પાકીટ મળી ગયું. આ શોધખોળ લગભગ અડધો કલાકથી વધુ ચાલી હશે. હું લગભગ રડવા જેવી થઈ ગઈ હતી અને મારાથી આટલી મોટી ભૂલ થઈ ગઈ એ વાતથી મારી જાતને કોશતી હતી. પરંતુ, જેવું મેં ૐકાર ચાલીસાની માનતા માની અને પાકીટ મળી ગયું. પૈસા કરતાં પણ એમાં જે જરૂરી કાગળિયા હતા એ મહત્વના હતા.

ૐકાર ચાલીસાના માધ્યમથી મારા જીવનમાં અઢળક કાર્યો સિદ્ધ થયા છે. એ હું કહેવા બેસું તો એક

આખી ચોપડી લખાય. ૐકાર ચાલીસાના રચયિતા સદ્‌ગુરુ ૐઋષિ સ્વામીના ચરણોમાં મારા નમન...

લી. શેફાલી પટેલ (સુરત)

**આપ પણ આપના જીવનમાં ક્યારેક કોઇ મુસીબતમાં મુકાઇ જાઓ તો ૐકાર ચાલીસા લેખન અને પઠનની માનતા માનો આપનું અટકેલું કાર્ય અવશ્ય પૂરું થઇ જશે.**

## ગણેશ સ્તુતિથી કાર્ય સિદ્ધ થયું

હું નિયમિત રીતે પરમ પૂજ્ય ગુરુજી રચિત ગણેશ સ્તુતિ જે સદગુરુ ૐઋષિ યુ-ટ્યુબ ચેનલમાં છે એને નિયમિત રીતે દિવસમાં ત્રણ વખત સાંભળું છું. તમે નહીં માનો, પરંતુ ગણેશ સ્તુતિ અને ૐકાર ચાલીસા બંને જ્યારે હું જોડે સાંભળું, એ વખતે મારું આર્થિક કોઈને કોઈ કામ, શેરબજારનું મોટું થઈ જાય છે. હું શેરબજારની કોઈપણ પરિસ્થિતિમાં ફસાયો હોવ તો એમાંથી હું ગણેશ સ્તુતિ અને ૐકાર ચાલીસાના સમન્વયથી નીકળી જાઉં છું.

છેલ્લા બે વર્ષનો મારો આ અનુભવ કર્યા બાદ હું આજે આ અનુભવ લખી રહ્યો છું. હું હજી આ શક્તિને સમજી નથી શક્યો કે આ બંનેના સમન્વયથી પૈસા તો કમાઉં છું, પરંતુ જ્યારે ફસાયો હોવ, ત્યારે પણ હું નીકળી જાઉં છું. ગમે તેટલી તેજીમંદી મેં કરી હોય, પરંતુ બહાર નીકળવા માટે મારા માટે આ અમોઘ શસ્ત્ર સાબિત થયું છે.

કદાચ કોઈને વિશ્વાસ ના આવે, પરંતુ જેને વિશ્વાસ ના આવે એ જ્યારે પણ અટકે ત્યારે આ બંનેનો સમન્વય કરીને ગણેશ સ્તુતિ અને ૐકાર ચાલીસા દિવસમાં એક વખત તો અચૂક સાંભળે. હું તો સવાર-બપોર-સાંજ તો સાંભળું જ છું, પરંતુ જ્યારે કોઈપણ મુસીબત આવે, ધંધાની જ નહીં, પરંતુ ઘરની કે બીજી કોઇપણ મુસીબત હોય, તો પણ હું ગણેશ સ્તુતિ અને ૐકાર ચાલીસાનો પાઠ બંને સાંભળી લઉં છું. મારું કાર્ય સિદ્ધ થઈ જાય છે. આ મારો પોતાનો અનુભવ છે. આપ પણ ચોક્કસ આ અનુભવ કરી શકો છો. ગુરુજીની ચરણોમાં નતમસ્તક પ્રણામ...

લી. શિરીષ પટેલ (વલસાડ)

**આપ પણ આપના જીવનમાં કોઇ સમસ્યાથી ઘેરાયેલા હોય તો પરમ પૂજ્ય ગુરુજી રચિત ગણેશ સ્તુતિ યુ-ટ્યુબ ચેનલ પર સાંભળો તેમજ ૐકાર ચાલીસા લેખન અને પઠન નિયમિત કરો. આપનું કોઇપણ અશક્ય કાર્ય ચોક્કસ પરિપૂર્ણ થઇ જશે.**

# ધનતેરસ થી ધનતેરસ સુધી ૐ શ્રી શુભલક્ષ્મીદેવીની ૯૯ દિવસની કરવાની દિવ્ય મંત્રસાધનાની માહિતી

સૌપ્રથમ એક લાકડાનો બાજઠ અથવા પાટલો લેવો. તેના પર પીળા કલરનું વસ્ત્ર પાથરવું. તેના ઉપર નીચે આપેલ ૐ શ્રી શુભલક્ષ્મી ધનકુબેર ચક્રનું કટીંગ કરી લેમીનેશન કરાવી સ્થાપનમાં મુકવું. હવે સ્થાપનમાં ચાંદીનો સિક્કો, બે આખી સોપારી, ઘઉંની ઢગલી અને ૧૦૦રૂ.ની નોટ મુકવી અને તે દરેક ઉપર કંકુનો ચાંલ્લો (સ્થાપન કરો તે વખતે જ કરવો, રોજ કંકુનો ચાંલ્લો કરવાનો નથી) કરવો. રોજ સાધના કરતી વખતે ઘીનો આડી વાટનો દીવો કરવો. ત્યારબાદ નીચે આપેલો દિવ્ય મંત્ર ૮૧ વખત કરવો અને એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસા અને શ્રી નવદુર્ગા ચાલીસાનો પાઠ કરવો.

**સાધના કેટલા દિવસ કરવી?** : આ સાધના ૯૯ દિવસ સુધી કરવી.

**સ્થાપનનો સમય** : સવારે ૭ થી ૧૦ માં સ્થાપન કરવું.


**કયા કલરના વસ્ત્ર પહેરવા?** : કાળા વસ્ત્ર સિવાય કોઈપણ કલરના વસ્ત્ર પહેરવા અને ખભા ઉપર લાલ ખેસ રાખવો.

**ઉત્થાપન ક્યારે કરવું?** : ઉત્થાપન ૧૦૦મા દિવસે સવારે ૭ થી ૧૦ માં કરવું. સ્થાપનમાં મુકેલ ચક્ર, ચાંદીનો સિક્કો અને ૧૦૦રૂ.ની નોટ તિજોરી કે કબાટમાં મુકી દેવી અને બાકીની વસ્તુ નદીમાં વિસર્જન કરી દેવી.


જે ભક્તજનોએ ગઈ વખતનો ચાંદીનો સિક્કો સાચવીને રાખ્યા હોય તેનો આ સ્થાપનમાં ઉપયોગ કરી શકે છે.

આ સાધના ધનતેરસના દિવસથી અથવા આખા વર્ષ દરમિયાન ગમે તે દિવસથી પોતાની મનોકામનાનો સંકલ્પ કરીને કુલ ૯૯ દિવસ સુધી કરવાની હોય છે.સાધના દરમ્યાન કોઈ કારણસર દિવસ પડે તો ચિંતા ન કરતા કુલ ૯૯ દિવસ ગણીને આ સાધના પૂર્ણ કરવી.

**દિવ્ય મંત્ર : ॥ ૐ શુભલક્ષ્મીદેવી ધનકુબેરદેવ પ્રાગટ્ય નમઃ ॥**



## ૐ શ્રી શુભલક્ષ્મી ધનકુબેર ચક્ર





# સદ્‌ગુરુ ૐઋષિ રચિત પવિત્ર શબ્દોથી આ મહિનાના રોજેરોજના કાર્યમાં સફળતાની ગુરૂચાવી

| તારીખ | વાર | પવિત્ર શબ્દ | તારીખ | વાર | પવિત્ર શબ્દ |
|---|---|---|---|---|---|
| ૨૧-૦૯-૨૦૨૬ | રવિવાર | ૐ લક્ષ્મીભ્ય | ૦૬-૧૦-૨૦૨૬ | સોમવાર | ૐ મહાદુર્ગેશ્વરી |
| ૨૨-૦૯-૨૦૨૬ | સોમવાર | ૐ વામજ્ય | ૦૭-૧૦-૨૦૨૬ | મંગળવાર | ૐ બગલામુખીદેવી |
| ૨૩-૦૯-૨૦૨૬ | મંગળવાર | ૐ કુબેરાતી | ૦૮-૧૦-૨૦૨૬ | બુધવાર | ૐ છિન્નમસ્તાદેવી |
| ૨૪-૦૯-૨૦૨૬ | બુધવાર | ૐ ગૌતમલબ્ધિ | ૦૯-૧૦-૨૦૨૬ | ગુરુવાર | ૐ ષોડશીદેવી |
| ૨૫-૦૯-૨૦૨૬ | ગુરુવાર | ૐ ગુરુવાતિ | ૧૦-૧૦-૨૦૨૬ | શુક્રવાર | ૐ માતંગીદેવી |
| ૨૬-૦૯-૨૦૨૬ | શુક્રવાર | ૐ શુક્રવાતિ | ૧૧-૧૦-૨૦૨૬ | શનિવાર | ૐ કમલાદેવી |
| ૨૭-૦૯-૨૦૨૬ | શનિવાર | ૐ કેતુવાતિ | ૧૨-૧૦-૨૦૨૬ | રવિવાર | ૐ ત્રિપુરાસુંદરીદેવી |
| ૨૮-૦૯-૨૦૨૬ | રવિવાર | ૐ સૂર્યવાતિ | ૧૩-૧૦-૨૦૨૬ | સોમવાર | ૐ મહાકાલીદેવી |
| ૨૯-૦૯-૨૦૨૬ | સોમવાર | ૐ ચંદ્રવાતિ | ૧૪-૧૦-૨૦૨૬ | મંગળવાર | ૐ ધુમાવતીદેવી |
| ૩૦-૦૯-૨૦૨૬ | મંગળવાર | ૐ મંગલવાતિ | ૧૫-૧૦-૨૦૨૬ | બુધવાર | ૐ તારાદેવી |
| ૦૧-૧૦-૨૦૨૬ | બુધવાર | ૐ બુધવાતિ | ૧૬-૧૦-૨૦૨૬ | ગુરુવાર | ૐ ભુવનેશ્વરીદેવી |
| ૦૨-૧૦-૨૦૨૬ | ગુરુવાર | ૐ રાહુવાતિ | ૧૭-૧૦-૨૦૨૬ | શુક્રવાર | ૐ ગણેશદેવાય |
| ૦૩-૧૦-૨૦૨૬ | શુક્રવાર | ૐ ધનશ્યાતિ | ૧૮-૧૦-૨૦૨૬ | શનિવાર | ૐ શુભાંશુધન |
| ૦૪-૧૦-૨૦૨૬ | શનિવાર | ૐ કૃષ્ણવદમ | ૧૯-૧૦-૨૦૨૬ | રવિવાર | ૐ ધનવંતિ |
| ૦૫-૧૦-૨૦૨૬ | રવિવાર | ૐ લક્ષ્મીનારાયણ | ૨૦-૧૦-૨૦૨૬ | સોમવાર | ૐ રાજસ્વદેવ |

# પ્રોફેશનલ વ્યક્તિઓ માટે, છૂટક વસ્તુના વેપારી માટે, ઉત્પાદક માટે, જથ્થાબંધ માલના વેપારી માટે, નોકરિયાત માટે અને વિદ્યાર્થી માટે

## પ્રોફેશનલ વ્યક્તિઓ માટે :

આ મહિના દરમિયાન લીલા વસ્ત્રમાં ચોખાના બે દાણા અને ચપટી હળદર મુકી તેની પોટલી બનાવી જ્યારે કામ માટે કે ઓફિસ જાઓ ત્યારે ખિસ્સામાં રાખીને જવું અને એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરીને જવું. આ પ્રક્રિયાથી આપના કાર્યમાં વિઘ્ન આવશે નહિ અને કાર્ય સફળ થશે.

## છૂટક વસ્તુના વેપારી માટે :

રીટેલરનો ધંધો કરતા વ્યક્તિઓએ આ મહિને લાલ વસ્ત્રમાં ઘઉંના બે દાણા અને ચપટી હળદર મુકી તેની પોટલી બનાવી દુકાનના કેશ કાઉન્ટરમાં મુકી રાખવું અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. જેનાથી આપના ધંધામાં ચમત્કારિક ફાયદો થશે.

## ઉત્પાદક માટે :

ઉત્પાદનના કાર્ય સાથે સંકળાયેલ વ્યક્તિઓએ આ મહિને વાદળી વસ્ત્રમાં મગના બે દાણા અને ચપટી હળદર મુકી તેની પોટલી બનાવી કેશ કાઉન્ટરમાં મુકી દેવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. આ પોટલી બદલવાની નથી. આખો મહિનો એ જ જગ્યાએ રાખવાની છે. જેનાથી આપના ઉત્પાદનનાં કાર્યમાં સફળતા મળશે અને ધંધામાં ચમત્કારિક પ્રગતિ થશે.

## જથ્થાબંધ માલના વેપારી માટે :

હોલસેલના ધંધા સાથે સંકળાયેલા વ્યક્તિઓએ આ મહિના દરમ્યાન કેસરી વસ્ત્રમાં વાલના બે દાણા અને ચપટી હળદર મુકી તેની પોટલી બનાવી દુકાનના કેશ કાઉન્ટરમાં અથવા તો પોતાના ખિસ્સામાં રાખવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. આમ આ પ્રક્રિયા નિયમિત કરવાથી આપના હોલસેલનાં ધંધામાં વધારો થશે.

## નોકરિયાત માટે :

નોકરી કરતા વ્યક્તિઓએ આસમાની વસ્ત્રમાં કઠોળ ચણાના બે દાણા અને ચપટી હળદર મુકી તેની પોટલી બનાવી જ્યારે નોકરીએ જાઓ ત્યારે એ પોતાની ઓફિસ બેગમાં અથવા ઓફિસના ખાનામાં રાખવું અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. મહિના સુધી આ જ પોટલી રાખવાની છે, રોજ નવી બનાવવાની નથી. આ પ્રક્રિયાથી નોકરીમાં આપના ઇચ્છિત કાર્યની સિદ્ધિ થશે.

## વિદ્યાર્થી માટે :

વિદ્યાર્થીઓએ ગુલાબી વસ્ત્રમાં ઘઉંના બે દાણા અને ચપટી હળદર મુકી તેની પોટલી બનાવી પોતાના ભણવાની બેગમાં અથવા તો દફ્તરમાં આ મહિના દરમ્યાન રાખી મુકવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. જેનાથી આપનું ભણવામાં ધ્યાન કેન્દ્રિત થશે અને સફળતાની પ્રાપ્તિ થશે.

ઉપર આપેલ પ્રક્રિયા દરેક જણે ૩૦ દિવસ સુધી નિયમિત કરવી. ૩૦ દિવસ પછી નવા અંકમાં નવી પ્રક્રિયા આપવામાં આવશે. પછી એ નવી પ્રક્રિયા ચાલુ કરવી અને જૂની પ્રક્રિયા બંધ કરી દેવી. આ રીતે બાર મહિના સુધી અલગ-અલગ પ્રક્રિયા કરવાથી આપના કાર્યને વધુ ઝડપ મળશે તથા નામના, માન, કીર્તિ અને પ્રતિષ્ઠામાં વધારો થશે.

**✦ ખાસ નોંધ ✦**

જે પ્રક્રિયાથી આપને સફળતા મળે એ પ્રક્રિયા કાયમ ચાલુ રાખી શકાય અને જોડે નવી પ્રક્રિયા પણ કરી શકાય.

જાહેર આમંત્રણ

# મંત્ર થેરાપી

## શરીરના દુ:ખાવાથી મુક્તિ માટે
## મંત્રશક્તિપાત - મંત્ર થેરાપીથી
## દુ:ખાવાનું સમાધાન

**નિ:શુલ્ક પ્રવેશ**



**પાવન નિશ્રા**

મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮ પ.પૂ. સંતશ્રી સદ્ગુરુ ૐઋષિ સ્વામી "ૐગુરુ"

શુભ તારીખ

**21 સપ્ટેમ્બર, 2025 - રવિવાર**

શુભ સમય

**બપોરે 4 થી 6 કલાક સુધી**

શુભ સ્થળ

**અન્નપૂર્ણા હોલ,**

આંગી ફ્લેટની સામે, ન્યુ વિકાસ ગૃહ રોડ, પાલડી, અમદાવાદ

**સંપર્ક સૂત્રઃ 9429208997**

વહેલા તે પહેલાના ધોરણે આપનું નામ અને નંબર ઉપર આપેલ મોબાઈલ નંબર ઉપર વોટસઅપ કરવું.

**નોંધઃ આપનું રજીસ્ટ્રેશન કરાવવું અત્યંત જરુરી છે. રજીસ્ટ્રેશન વિના પ્રવેશ મળશે નહીં.**

# જાહેર આમંત્રણ

"દર્શન માત્ર સે મિટે કષ્ટ"
ૐકાર સંપ્રદાયના આર્ષદૃષ્ટા અને સ્થાપક
મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ.પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામીના

# પૂનમ મહાદર્શન



ॐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

ॐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

**શુભ તારીખ**

7 સપ્ટેમ્બર, 2025
રવિવાર

**શુભ સ્થળ**

## અન્નપૂર્ણા હોલ,

આંગી ફ્લેટની સામે, ન્યુ વિકાસ ગૃહ રોડ, પાલડી, અમદાવાદ

**શુભ સમય**

સવારે
10 થી 1 કલાકે

## સંપર્ક સૂત્રઃ 9429208997

E-mail ID : omkarsampraday@gmail.com
E-mail ID :info@sadguruomrushi.org
Website : www.sadguruomrushi.org

RNI GUJGUJ/2015/65690

Registered under Postal Registration No. AHD-C/64/2020-2022 valid up to 31st December-2022 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month' Date of Publication : 7th every month

Printed & Published by **KINJAL ASHOKKUMAR SHAH** on behalf of **'SEVA SAMARPAN FOUNDATION'** and Printed at Print Vision Pvt. Ltd., Print Vision House, Lane by jay Gujarat Fruit Center, Ambawadi Market, Ahmedabad - 380006 and published from 'Seva Samarpan Foundation', Gr. Floor, 001, Angi Flat, Opp. Annapurna Party Plot, New Vikas Gruh Road, Paldi, AHMEDABAD-380007. GUJARAT. Editor : **KINJAL ASHOKKUMAR SHAH**